**GJVL020014382018**

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૬.૦૬.૨૦૧૮ |
| દાખલ તારીખ | : | ૦૬.૦૬.૨૦૧૮ |
| ફેસલ તારીખ | : | ૩૦.૦૭.૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૮ ૦૧ ૨૪ |

**વલસાડ ના મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ વલસાડ**

**ક્રિમીનલ કેસ નં. ૮૮૬/૨૦૧૮**

**આંક–૧૮૩**

**ફરિયાદી** : **સરકારશ્રી**

*વિરૂધ્ધ*

**આરોપીઓ** :

**૧. ઝૈદ મોહમદ નુર મોહમદ શેખ,**ઉ. વ.૨૪
રહે. મોગરાવાડી મોટા તળાવ ૨૪/૨૭ રેલ્વે યાર્ડઠની સામે, તા.જી.વલસાડ

**૨. રોનકભાઈ નિલેશભાઈ મિસ્ત્રી,**ઉ.વ.૨૬
રહે. ૬૧ બુધર ભગવાનની ચાલ કોન્વેટ સ્કુલની બાજુમાં ધરમપુર રોડ,તા.જિ.વલસાડ

**૩. દિવ્યેશભાઈ અરવિંદભાઈ સોનારા,**ઉ.વ.૨૩
રહે. અબ્રામા તુલસીવન ફળિયા પોલીસ હેડ કવાટરની બાજુમાં,તા.જિ.વલસાડ

**૪. આકાશભાઈ ભાલચન્દ્રભાઈ પારેખ,**ઉ.વ.૨૪
રહે. છીપવાડ જકાતનાકા પવનપુત્ર બિલ્ડીંગ, તા.જિ.વલસાડ

---

ગુન્હો :– **ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭, ૪૬૮,૪૭૧,૧૨૦(બી) મુજબ**

---

---

| | | |
|---|---|---|
| ફરિયાદ પક્ષ તરફે | : | એ.પી.પી.શ્રી આઈ.કે.વ્હોરા |
| આરોપી નં.૧,૪ તરફે | : | વિ.વકીલશ્રી આઈ.એચ.સૈયદ |
| આરોપી નં.૨ તરફે | : | વિ.વકીલશ્રી એસ.એસ.સૈયદ |
| આરોપી નં.૩ તરફે | : | વિ.વકીલશ્રી એન.એમ.દેસાઈ |

---

**:: જ જ મે ન્ટ ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનાહિત કાવતરૂ રચી આરોપી

નં.૧ ઝૈદ તથા આરોપી નં.૨ રોનક નાઓએ આ કામના સાહેદોને કેશ લોન અપાવીશ તેઓ વિશ્વાસ ભરોસો આપી સાહેદો પાસેથી તેમના રહેઠાણ પુરાવા તથા આધારકાર્ડ,રેશન કાર્ડ, પેનકાર્ડ વિગેરે અસલ પુરાવા મેળવી તેની ઝેરોક્ષ નકલ કઢાવી પોતા પાસે રાખી સાહેદોને કેશ લોન નહિ અપવતા પરત આધાર પુરાવા માંગતા તોઓને તેઓ પાસેથી મેળવેલ આધાર પુરાવા અસલ પરત આપી આ મેળવેલ પુરાવા આધારે સાહેદોની જાણ બહાર બજાજ ફાયનાન્સમાંથી મોબાઇલ ફોન લોન પેટે મળવવા વલસાડ ક્રિષ્ના મોબાઈલ શોપ નામની દુકાનમાં સેમસંગ કંપનીનો પ્રમોટર તરીકે કામ કરતો આરોપી નં.૪ આકાશભાઈ નાઓ સાહેદો પાસેથી મેળવેલ પુરાવા દસ્તાવેજ અલગ અલગ તારીખોએ આરોપી નં.૩ દિવ્યેશભાઈ કે જે બજાજ ફાયનાન્સના એકયુઝુકેટીવ તરીકે ક્રિષ્ના મોબાઈલ શોપમાં ફરજ બજાવતો હોય તેને તમામ દસ્તાવેજો આપી જે તમામ દસ્તાવેજો ઉપર આરોપીઓએ જે તે સાહેદોની ખોટી સહિઓ કરી દસ્તાવેજો ની ખરાઈ નહિ કરી તેમજ મોબાઈલ ફોન લેનાર કસ્ટમર અંગે કોઈ ખાત્રી નહિ કરી આરોપી નં.૪ આકાશભાઈ ક્રિષ્ના મોબાઇલ શોપની દુકાનનુ જે તે કસ્ટમર નામે બીલ બનાવી બીલ ઉપર ક્રિષ્ના મોબાઈલના નામે અમુક બીલો ઉપર આરોપીએ પોતાની સહી કરી અને કસ્ટમરોની સહી નહિ મેળવી તેમજ બીલ ઉપર આરોપી નં.૧ ઝૈદ તથા આરોપી નં.૨ રોનક તથા કાયદાના સઘર્ષમાં આવનાર કિશોરનાઓ બીલ ઉપર સાહેદ નાઓની કસ્ટોમરો તરીકેની ખોટી સહિઓ કરી સાહેદોને મોબાઈલ ફોન ઉપર લોન મેળવેલ અંગે જાણ નહિ કરી કુલ નંગ–૮ મોબાઈલ કિં.રૂ.૨,૪૦,૩૦૦/–ની મત્તાની પોતાના અંગત આર્થિક સ્વાર્થ માટે મોબાઈલ ફોન મેળવી અન્ય ઇસમોને વેચી ગુનો કરી, **ધી ઈન્ડીય પીનલ કોડની કલમ–૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮, ૪૭૧,૧૨૦(બી)** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

**(૨)** જે બાબતની **ફરિયાદ,** ફરિયાદીએ **વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી નં.૧૮/૨૦૧૮** ના રોજ **ધી ઈન્ડીય પીનલ કોડની કલમ–૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮, ૪૭૧,૧૨૦(બી) મુજબના** શિક્ષાને પાત્ર ગુનાથી નોંધી, આ કામની તપાસ જે તે તપાસ કરનાર અધિકારીને સોંપાતાં,

આ કામની તપાસ કર્યા બાદ તપાસનાં અંતે હાલનું આ ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવેલ છે.

(૩) આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની વિના મુલ્યે નકલ આપ્યાની ખાત્રી કરી,**આંક–૬૬ થી આરોપીઓ સામે તહોમતનામું** ફરમાવી **આંક–૬૭ થી આંક–૭૦ આરોપીઓનું પ્રાથમિક** નિવેદન લેતા તેમાં આ કામના આરોપીઓએ સદરહું ગુન્હો કર્યો હોવાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**–::::: મૌખિક પુરાવો :::::–**

| ક્રમ નંબર | સાહેદનું નામ | સાહેદ | આંક | રીમાર્કસ્ |
|---|---|---|---|---|
| ૧ | મયુરભાઈ નરેશભાઈ ઝરીવાલા | ફરીયાદી | ૭૩ | હોસ્ટાઈલ |
| ૨ | ઈઝહાર સમસાદ બેગ | સાહેદ | ૮૩ | હોસ્ટાઈલ |
| ૩ | રેખાબેન ગંઘાધર પટેલ | સાહેદ | ૮૪ | હોસ્ટાઈલ |
| ૪ | ગોસીયાબીબી શબ્બીર મન્સુરી | સાહેદ | ૮૫ | હોસ્ટાઈલ |
| ૫ | સુનિલભાઈ સુમનભાઈ નાયકા | સાહેદ | ૮૬ | હોસ્ટાઈલ |
| ૬ | અનીતાબેન નરેશભાઈ શર્મા | સાહેદ | ૮૭ | હોસ્ટાઈલ |
| ૭ | વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલ | સાહેદ | ૮૯ | હોસ્ટાઈલ |
| ૮ | મહેરુનીસા યુસુફભાઈ પેચકર | સાહેદ | ૯૦ | હોસ્ટાઈલ |
| ૯ | સબ્બીર કમાલમિયા સૈયદ | સાહેદ | ૯૧ | હોસ્ટાઈલ |
| ૧૦ | મોહમ્મદ સાજીદ મોહમ્મદ અયુફ | સાહેદ | ૯૨ | હોસ્ટાઈલ |
| ૧૧ | શબ્બીર હુસેન ઇસ્માઈલ રાજપરા | સાહેદ | ૯૩ | હોસ્ટાઈલ |
| ૧૨ | ઈદ્રીસ મોહમ્મદ હનીફ ખોરજીયા | સાહેદ | ૯૪ | હોસ્ટાઈલ |
| ૧૩ | મુજ્જક્કીર મોહમ્મદ સફી લીલામવાલા | સાહેદ | ૯૬ | હોસ્ટાઈલ |
| ૧૪ | નાગભાઈ કે. કામળીયા | ત.ક.અ. | ૯૭ | –––– |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ગોપાલભાઈ વસરામભાઈ ગોહિલ | ત.ક.અ. | ૧૦૦ | ---- |

**-::::: દસ્તાવેજી પુરાવો :::::-**

| ક્રમ નંબર | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૭૪ |
| ૨ | નો ડ્યુ સર્ટીફીકેટો | ૭૫ થી ૮૨ |
| ૩ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું | ૯૮ અને ૯૯ |
| ૪ | લેખિત હુકમ | ૧૦૧ |
| ૫ | ઉપરોકત તમામ સાહેદોના નામે લોન લેવામાં આવે તે તમામ સાહેદોના એકાઉન્ટ સ્ટેટમેન્ટ મેળવેલ જે સ્ટેટમેન્ટ રજુ | ૧૦૨ થી ૧૦૯ |
| ૬ | તપાસના કામે વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલનું બજાજ ફાઈનાન્સ માંથી મેળવેલ કેસ આઈડી તેની સાથે મેન્ડેટ ઈન્સ્ટ્રક્સન ફોર્મ, ટ્રાન્સેક્સન અંગેની ફાઈલ, કન્સ્યુમર ફાઈનાન્સ એપ્લીકેસન ફોર્મ,ક્રિષ્ના ઈલેક્ટ્રોનીક્સનું બીલ, તેઓનું પાનકાર્ડ,આધારકાર્ડ,બેંક ઓફ બરોડાના સ્ટેટમેન્ટ ની ઝેરોક્ષ,લોન ટર્મ શીટ અસલ,તેઓની પર્સનલ ડીટેલનું અસલ ફોર્મ આ તમામ દસ્તાવેજમાં તેઓની સહી છે. | ૧૧૦ થી ૧૧૯ |
| ૭ | રેખાબેન ગંગાધર પટેલનું બજાજ ફાઈનાન્સ માથી લોન મેળવેલ તેનુ અસલ કેસ આઈડી,તેની સાથે મેન્ડેટ ઈન્સ્ટ્રક્સન ફોર્મ ૨ નંગ,ટ્રાન્સેક્સન અંગેની ફાઈલ,કન્સ્યુમર ફાઈનાન્સ એપ્લીકેસન ફોર્મ,ક્રિષ્ના ઈલેક્ટ્રોનીક્સનું બીલ,તેમનું પાનકાર્ડ,આધારકાર્ડ,બેંક ઓફ બરોડાના પાસબુક ની ઝેરોક્ષ,લોન ટર્મ શીટ અસલ | ૧૨૦ થી ૧૨૯ |

| | | |
|---|---|---|
| | ,તેઓની પર્સનલ ડીટેલનું અસલ ફોર્મ તપાસના કામે રજુ કરેલ આ તમામ દસ્તાવેજમાં તેઓની સહી છે. | |
| ૮ | સુનીલ સુમનભાઈ નાયકાનું બજાજ ફાઈનાન્સ માંથી લોન મેળવેલ તેનું અસલ કેસ આઈડી,તેની સાથે મેન્ડેટ ઈન્સ્ટ્રક્સન ફોર્મ ૨ નંગ,ટ્રાન્સેક્સન અંગેની ફાઈલ,કન્સ્યુમર ફાઈનાન્સ એપ્લીકેસન ફોર્મ,ક્રિષ્ના ઈલેક્ટ્રોનીક્સનું બીલ, સુનીલ સુમનભાઈ નાયકાનું પાનકાર્ડ,આધારકાર્ડ,બેંક ઓફ બરોડાના પાસબુક ની ઝેરોક્ષ,લોન ટર્મ શીટ અસલ,તેઓની પર્સનલ ડીટેલનું અસલ ફોર્મ આ તમામ દસ્તાવેજમાં તેઓની સહી છે. | ૧૩૦ થી ૧૩૯ |
| ૯ | મેહરુન્નીસા યુસુફભાઈ પેચકરનું બજાજ ફાઈનાન્સ માંથી લોન મેળવેલ તેનું અસલ કેસ આઈડી,તેની સાથે મેન્ડેટ ઈન્સ્ટ્રક્સન ફોર્મ ૨ નંગ, ટ્રાન્સેક્સન અંગેની ફાઈલ, કન્સ્યુમર ફાઈનાન્સ એપ્લીકેસન ફોર્મ, ક્રિષ્ના ઈલેક્ટ્રોનીક્સનું બીલ, તેઓનું પાનકાર્ડ, આધારકાર્ડ,બેંક સ્ટેટમેન્ટ ની ઝેરોક્ષ,લોન ટર્મ શીટ અસલ,તેઓની પર્સનલ ડીટેલનું અસલ ફોર્મ આ તમામ દસ્તાવેજમાં તેઓની સહી છે. | ૧૪૦ થી ૧૪૯ |
| ૧૦ | અનિતાબેન નરેશભાઈ શર્માનું બજાજ ફાઈનાન્સ માંથી લોન મેળવેલ તેનું અસલ કેસ આઈડી,તેની સાથે મેન્ડેટ ઈન્સ્ટ્રક્સન ફોર્મ ૨ નંગ, ટ્રાન્સેક્સન અંગેની ફાઈલ, | ૧૫૦ થી ૧૫૯ |

| | | |
|---|---|---|
| | કન્સ્યુમર ફાઇનાન્સ એપ્લીકેસન ફોર્મ, ક્રિષ્ના ઇલેક્ટ્રોનીક્સનું બીલ, તેઓનું પાનકાર્ડ,આધારકાર્ડ, બેંક પાસબુક ની ઝેરોક્ષ, લોન ટર્મ શીટ અસલ,તેઓની પર્સનલ ડીટેલનું અસલ ફોર્મ આ તમામ દસ્તાવેજમાં તેઓની સહી છે. | |
| ૧૧ | ઈઝહાર શમશાદ બેગનું બજાજ ફાઇનાન્સમાંથી લોન મેળવેલ તેનું અસલ કેસ આઇડી,તેની સાથે મેન્ડેટ ઇન્સ્ટ્રક્સન ફોર્મ ૨ નંગ, ટ્રાન્સેક્સન અંગેની ફાઇલ, કન્સ્યુમર ફાઇનાન્સ એપ્લીકેસન ફોર્મ,ક્રિષ્ના ઇલેક્ટ્રોનીક્સનું બીલ, તેઓનું પાનકાર્ડ, આધારકાર્ડ,લોન ટર્મ શીટ અસલ,તેઓની પર્સનલ ડીટેલનું અસલ ફોર્મ આ તમામ દસ્તાવેજમાં તેઓની સહી છે. | ૧૬૦ થી ૧૬૯ |
| ૧૨ | શબ્બીર કમાલમીયા સૈયદનું બજાજ ફાઇનાન્સમાંથી લોન મેળવેલ તેનું અસલ કેસ આઇડી,તેની સાથે મેન્ડેટ ઇન્સ્ટ્રક્સન ફોર્મ ૧ નંગ, ટ્રાન્સેક્સન અંગેની ફાઇલ, કન્સ્યુમર ફાઇનાન્સ એપ્લીકેસન ફોર્મ, ક્રિષ્ના ઇલેક્ટ્રોનીક્સનું બીલ,તેમનું પાનકાર્ડ,આધારકાર્ડ,બેંક પાસબુક ની ઝેરોક્ષ,લોન ટર્મ શીટ અસલ,તેઓની પર્સનલ ડીટેલનું અસલ ફોર્મ આ તમામ દસ્તાવેજમાં તેઓની સહી છે. | ૧૭૦ થી ૧૭૯ |
| ૧૩ | ઓસ્વાલ સેલ્સ માર્કેટીંગ નાઓ દ્વારા વેચાયેલ મોબાઇલ ની વેચાણ અંગેની માહિતી | ૧૮૦ |

| | | |
|---|---|---|
| ૧૪ | આરોપી એ કરેલ સોગંદનામાની અસલ નકલ | ૧૮૧ |
| ૧૫ | આરોપીએ બાહેધરી ખત લખી આપેલ જે અસલ બાહેધરી ખત | ૧૮૨ |

**(૫)** ફરીયાદપક્ષ તરફે પુરાવો પૂર્ણ થયા બાદ આરોપીઓના ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલા જેમાં આરોપીઓને તેમના વિરૂધ્ધ ની હકીકતો તેમજ સંજોગો વિશે સમજાવવામાં આવેલ પરંતુ આરોપીઓએ સદર તમામ હકીકતો નો મહદ્અંશે ઈનકાર જ કરેલ છે અને વિશેષ માં જણાવેલ છે કે,"હમો આરોપીઓ નિર્દોષ છીએ,હમો ઉપર ખોટો કેસ કરેલ છે."

સદરહું કામે સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપીપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

**(૬)** ઉપરોકત હકિકતે કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનાહિત કાવતરૂ રચી આરોપી નં.૧ ઝૈદ તથા આરોપી નં.૨ રોનક નાઓએ આ કામના સાહેદોને કેશ લોન અપાવીશ તેઓ વિશ્વાસ ભરોસો આપી સાહેદો પાસેથી તેમના રહેઠાણ પુરાવા તથા આધારકાર્ડ,રેશન કાર્ડ, પેનકાર્ડ વિગેરે અસલ પુરાવા મેળવી તેની ઝેરોક્ષ નકલ કઢાવી પોતા પાસે રાખી સાહેદોને કેશ લોન નહિ અપવતા પરત આધાર પુરાવા માંગતા તોને તેઓ પાસેથી મેળવેલ આધાર પુરાવા અસલ પરત આપી આ મેળવેલ પુરાવા આધારે સાહેદોની જાણ બહાર બજાજ ફાયનાન્સમાંથી મોબાઇલ ફોન લોન પેટે મળવવા વલસાડ ક્રિષ્ના મોબાઈલ શોપ નામની દુકાનમાં સેમસંગ કંપનીનો પ્રમોટર તરીકે કામ કરતો આરોપી નં.૪ આકાશભાઈ નાઓ સાહેદો પાસેથી મેળવે પુરાવા દસ્તાવેજ અલગ અલગ તારીખોએ આરોપી નં.૩

દિવ્યેશભાઈ કે જે બજાજ ફાયનાન્સના એકયુઝુકેટીવ તરીકે ક્રિષ્ના મોબાઈલ શોપમાં ફરજ બજાવતો હોય તેને તમામ દસ્તાવેજો આપી જે તમામ દસ્તાવેજો ઉપર આરોપીઓએ જે તે સાહેદોની ખોટી સહિઓ કરી દસ્તાવેજો ની ખરાઈ નહિ કરી તેમજ મોબાઈલ ફોન લેનાર કસ્ટમર અંગે કોઈ ખાત્રી નહિ કરી આરોપી નં.૪ આકાશભાઈ ક્રિષ્ના મોબાઇલ શોપની દુકાનનુ જે તે કસ્ટમર નામે બીલ બનાવી બીલ ઉપર ક્રિષ્ના મોબાઈલના નામે અમુક બીલો ઉપર આરોપીએ પોતાની સહી કરી અને કસ્ટમરોની સહી નહિ મેળવી તેમજ બીલ ઉપર આરોપી નં.૧ ઝૈદ તથા આરોપી નં.૨ રોનક તથા કાયદાના સઘર્ષમાં આવનાર કિશોરનાઓ બીલ ઉપર સાહેદ નાઓની કસ્ટોમરો તરીકેની ખોટી સહિઓ કરી સાહેદોને મોબાઈલ ફોન ઉપર લોન મેળવેલ અંગે જાણ નહિ કરી કુલ નંગ–૮ મોબાઈલ કિં.રૂ.૨,૪૦,૩૦૦/–ની મત્તાની પોતાના અંગત આર્થિક સ્વાર્થ માટે મોબાઈલ ફોન મેળવી અન્ય ઈસમોને વેચી ગુનો કરી, **ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૪૦૬,૪૨૦,૪૬૫, ૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦(બી)** મુજબના શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદાઓના મારા તારણો નીચે મુજબ છે.

**૧.** **નકારમાં**

**૨.** આખરી હુકમ મુજબ.

**(૮)** **<u>–:: નિર્ણય માટેના કારણો ::–</u>**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા :–</u>**

**(૮.૧)** ફરીયાદ પક્ષના કેસના સમર્થનમાં રજુ થયેલ પુરાવો ઘ્યાને લઈએ તો આ કામે ફરીયાદી મયુરભાઈ નરેશભાઈ ઝરીવાલા નાઓને આંક–૭૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. ફરિયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ આજથી આશરે સાતેક વર્ષ પહેલા બનેલો. બનાવ

સમયે વલસાડ બજાજ ફાઇનાન્સ ઓફીસ ખાતે કલેક્સનનું કામ કરતા હેમંતભાઇ મગનભાઇ તલાવીયા એ તેમને કંપનીના આઇ ડી પર મેઇલ તથા ફોનથી જાન કરેલી કે આપની બજાજ ફાઇનાન્સ કંપનીથી જુદાં જુદાં ગ્રાહકોએ મોબાઇલ નંગ ૮ જેની કીંમત ૨,૪૦,૩૦૦/−ની ક્રીષ્ના મોબાઇલ શોપથી લોન લીધેલ હોઇ જે ગ્રાહકોના એકાઉન્ટ નંબરથી આ લોનના હપ્તાઓ ગ્રાહકોના બેંક મારફતે લેવાનો હોય જે હપ્તા બાઉન્સ થતા ગ્રાહકોના સરનામે કલેક્સન માટે ગયેલા ત્યારે ગ્રાહકોએ જણાવેલ કે અમે કોઇ મોબાઇલ કે લોન લીધેલ નથી. જેથી શેના હપ્તા ભરવાના જેથી બજાજ ફાઇનાન્સ માં ફ્રોડ થયેલ હોય તેવું જણાયેલ અને રેકર્ડ ખાતરી કરી ગ્રાહકોના સરનામે માણસ મોકલેલ જેથી ખોટું જણાતા કંપની તરફથી તેમને જાણ કરતા તેઓએ પોલીસ ફરીયાદ આપેલી. ફરીયાદ સમયે તેમની કંપનીના અન્ય માણસો પોલીસ સ્ટેશન આવેલા તેમને ફરીયાદ બતાવવામાં આવેલ છે. તેમની બજાજ ફાઇનાન્સ કંપનીમાં જે ગ્રાહકના હપ્તાના નાણા બાકી હતા તે તમામ ગ્રાહકોએ તેમની બજાજ ફાઇનાન્સ તેમજ કોટક મહીન્દ્રા બેંક માં નીકળતી નાણાની રકમ તમામ ભરપાઇ કરેલ છે હવે આ ગ્રાહકો પાસે કોઇ લેણી રકમ નીકળતી ન હોય જેથી તે બાબતનું તમામ ગ્રાહકોનું તેમની બજાજ ફાઇનાન્સ કંપની તથા કોટક મહીન્દ્રા બેંક દ્વારા નો ડ્યુ સર્ટીફીકેટ ની નકલ સાથે લાવેલ હોય જે નકલ માં તેમની સહી છે જે નો ડ્યુ સર્ટીફીકેટ કુલ નંગ ૮ નામદાર કોર્ટ માં રજુ કરેલ છે.

આ કામના ફરિયાદી હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્રપણ સમર્થનકારી પુરાવો આપતાં નથી. વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતી થી ઉલટ તપાસ માં પુછી શકાય તેવો પ્રશ્નો પુછવા માટે નામદાર કોર્ટ દ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ−૧૫૪ મુજબ પરવાનગી આપેલ હોવા છતાં પણ ફરિયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતો ને લેશમાત્રપણ સમર્થનકારી પુરાવો આપતાં નથી. આરોપીઓ તરફે કરવામાં આવેલ ફરીયાદીની ઉલટ−તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,બજાજ કંપનીના અધિકારીએ આપેલ સુચના પ્રમાણે તેઓએ ફરીયાદ આપેલી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ વાળા બનાવની તેઓને કોઇ જાતમાહિતી નથી તેમજ ફરીયાદમાં જણાવેલ બનાવ

બાબતે તેઓ જાતે કોઇ તપાસ કરેલ નથી તેમજ ફરીયાદ આપ્યા બાદ તેમને ફરીથી પોલીસ ને મળવાનું થયેલ નથી કે નિવેદન આપવાનું પ્રસંગ થયેલ નથી તેમજ ફરીયાદ સાથે કંપની વતી ફરીયાદ દાખલ કરવાનું કોઇ અધિકારપત્ર આપેલ નથી તેમજ કોઇ દસ્તાવેજી પુરાવાઓ આપેલ નથી.

(૮.ર) ત્યારબાદ સાહેદ ઈઝહાર સમસાદ બેગને આંક–૮૩ તથા સાહેદ રેખાબેન ગંઘાધર પટેલને આંક–૮૪ તથા સાહેદ ગોસીયાબીબી શબ્બીર મન્સુરીને આંક–૮૫ તથા સાહેદ સુનિલભાઈ સુમનભાઈ નાયકાને આંક–૮૬ તથા સાહેદ અનીતાબેન નરેશભાઈ શર્માને આંક–૮૭ તથા સાહેદ વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલને આંક–૮૯ તથા સાહેદ મહેરુનીસા યુસુફભાઈ પેચકરને આંક–૯૦ તથા સાહેદ સબ્બિર કમાલમિયા સૈયદને આંક–૯૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ તમામ સાહેદો તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓના નામે કોઈ વ્યક્તિએ બજાજ ફાઈનનાન્સમાંથી લોન લીધેલ નથી તેમજ લોન લેવા માટે તેઓએ કોઈ વ્યક્તિને તેઓના ડોક્યુમેન્ટ આપેલા નથી તેમજ કોઈ વ્યક્તિએ તેઓના દસ્તાવેજો ખોટા તૈયાર કરી તેના ઉપર ખોટી સહીઓ કરી તેનો કરાર તરીકે ઉપયોગ કરેલ નથી પોલીસે ફકત તેઓનું નામ સરનામું પુછેલું તે સિવાય તેઓએ કોઈ હકિકત જણાવેલ નહી અને સદર ગુના માટે તેમને કોઈ જાતમાહિતી નથી.

(૮.૩) ત્યારબાદ સાહેદ મોહમ્મદ સાજીદ મોહમ્મદ અયુફ જીવાસેકવાલાને આંક–૯ર તથા સાહેદ શબ્બીર હુસેન ઈસ્માઈલ રાજપરાને આંક–૯૩ તથા સાહેદ ઈદ્રીસ મોહમ્મદ હનીફ ખોરજીયાને આંક–૯૪ તથા સાહેદ મુજ્જક્કીર મોહમ્મદ સફી લીલામવાલાને આંક–૯૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ તમામ સાહેદો તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,પોલીસે ફકત તેઓનું નામ સરનામું પુછેલું તે સિવાય

તેઓએ કોઈ હકિકત જણાવેલ નહી અને સદર ગુના માટે તેઓને કોઈ જાતમાહિતી નથી.

(૮.૪) વધુમાં ફરીયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદાર નાગભાઈ કે. કામળીયા નાઓની આંક–૯૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તપાસ કરનાર અમલદારએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તા. ૦૩/૦૬/૨૦૧૮ ના રોજ વલસાડ સીટી પો.સ્ટે. ખાતે પી.આઇ. તરીકે ફરજ પર હાજર હતા ત્યારે ફરિયાદી મયુરભાઈ નરેશભાઈ ઝરીવાલા નાઓની ફરિયાદ આઅતા જે તેમના રૂબરૂ ફરિયાદ લેવામાં આવે જે ફરિયાદ વલસાડ સીટી પો.સ્ટે. ગુ.ર.નં. ૧૮/૨૦૧૮, ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭, ૪૬૮,૪૭૧,૧૨૦ બી મુજબનો ગુનો રજિસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ એ.એસ.આઇ. જી.આર.પાંડે નાઓએ પો.સ.ઇ.શ્રી જી.વી.ગોહિલ નાઓએ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ ત્યારબાદ સદર તપાસ પી.આઇ. કક્ષા પર હોય જેથી સદરહું ગુનાની તપાસ માં કરેલ તપાસના તમામ સાધનીક કાગળો નો અભ્યાસ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોય સદર કામે દસ્તાવેજી પુરાવાઓ સહ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ત.ક.અ.ની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના ગુનાની તપાસ કરતા પહેલા તેઓએ ફરિયાદ વાંચેલી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, હાલની ફરીયાદમાં આરોપી નં ૪ તરીકે ક્રિષ્ના મોબાઇલ શોપ ના માલીક નું નામ છે તેમજ આરોપી નં ૪ ક્રિષ્ના મોબાઇલ ના માલીક ને ચાર્જશીટમાં આરોપી તરીકે દર્શાવેલ નથી તેમજ હાલના કામે તેઓએ ચાર્જશીટ કર્યા સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી.

(૮.૫) વધુમાં ફરીયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદાર ગોપાલભાઈ વસરામભાઈ ગોહીલ નાઓની આંક–૧૦૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તપાસ કરનાર અમલદારએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૦૩/૦૨/૨૦૧૮ ના રોજ તેઓ વલસાડ સીટી પો.સ્ટે.ખાતે પી.એસ.આઇ તરીકે ફરજ પર હાજર હતા ત્યારે ફરિયાદી

મયુરભાઇ નરેશભાઇ ઝરીવાલા નાઓની ફરિયાદ આવતા જે ફરિયાદ પી. આઇ.શ્રી એમ.કે.કામળીયા નાઓની રૂબરૂ માં લેવામાં આવેલ જે ફરીયાદ વલસાડ સીટી પો.સ્ટે.I ગુ.ર.નં.૧૮/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૪૬૫, ૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦ બી મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ એ.એસ.આઇ.જી.આર.પાંડે નાઓએ લેખિતમાં તેમના તરફ ડેપ્યુટ કરેલ જે તપાસ તેઓએ સંભાળેલ તપાસનો લેખિત હુકમ તેઓ નામદાર કોર્ટમાં રજુ કરેલ છે. જેને રજુ દાખલ આંક–૧૦૧ આપવામાં આવેલ છે. તપાસના કામે સૌપ્રથમ ફરિયાદ નો અભ્યાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને તપાસના કામે પંચો રૂબરૂ મોબાઇલ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ ત્યારબાદ બજાજ ફાઇનાન્સે ક્રિષ્ના ઇલેક્ટ્રોનીક્સ સાથે જે એગ્રીમેન્ટ કરેલ તે એગ્રીમેન્ટ ની ઝેરોક્ષ કોપી મેળવેલ અને તે ઝેરોક્ષ કોપી ને માર્ક–એ આપવામાં આવેલ છે. તેમજ ક્રિષ્ના ઇલેક્ટ્રોનીક્સ લીગલ ડોક્યુમેન્ટ ચેક લીસ્ટ થી અલગ અલગ ઝેરોક્ષ નકલ મેળવેલ જે ચેક લીસ્ટ ને માર્ક–બી આપવામાં આવેલ છે.સદરહું કામે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ત.ક.અ.ની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તપાસના કામે તેઓએ જે કોઇ ડોક્યુમેન્ટ કબજે કરેલા એ પંચોની રૂબરૂમાં કબજે કરેલા નથી તેમજ તપાસના કામે નોટરીશ્રીનું નિવેદન નોંધેલુ નથી તેમજ એફીડેવીટ અને સંમતીપત્રોમાં જ્યા ચેક ચાક થયેલી છે ત્યાં કોઇ ટુકી સહી કરેલી નથી તેમજ તપાસના કામે કોઇ ડોક્યુમેન્ટ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ નથી.

આ કામે હાલના આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાચેલ ઇ.પી.કો.કલમ ના આવશ્યક તત્ત્વો જોવામાં આવે તો તે નીચે મુજબના છે.

## (૯) ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬:–

જો કોઈ વ્યકતિને પૈસા, માલસામાન, દાગીના કે અન્ય મિલકત વિશ્વાસથી સોંપવામાં આવે અને તે વ્યક્તિ તે વસ્તુનો ખોટો ઉપયોગ કરે, પોતાની પાસે રાખી લે અથવા મિલકતને પરત ન આપે તો, તેને ત્રણ વર્ષ સુધીની જેલ અથવા દંડ અથવા જેલ અને દંડ બંને થઈ શકે.

**(૯.૧) ભારતીય દંડ સહિતાની કલમ–૪૨૦ :–**

જો કોઈ વ્યકતિ શરૂઆતથી જ ખોટી વાતો કરીને, ખોટા વચનો આપીને અથવા છેતરપીંડી કરીને બીજા વ્યક્તિ પાસેથી પૈસા, મિલકત અથવા કોઈ કિંમતી વસ્તુ મેળવી લે, તો તેને સાત વર્ષ સુધીની જેલ અને દંડની સજા કરવામાં આવશે.

**(૯.૨) ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫ :–**

આરોપીએ કોઈ દસ્તાવેજ સહી કર્યો, સીલ કર્યો અથવા કરી આપ્યો અથવા કરી આપ્યો હોય તેવુ ચીન્હ કર્યુ કે દસ્તાવેજ નો કોઇ ભાગ કરી આપ્યો અને આવો દસ્તાવેજ કલમ–૪૬૪ માં દર્શાવેલ ત્રણ પૈકી કોઈ પ્રકારમાં પડતો હતો અને આવો દસ્તાવેજ આરોપીએ અપ્રમાણિક અથવા કપટપૂર્વક અથવા કલમ–૪૬૩ માં દર્શાવેલા કોઈ ઈરાદાથી કરી આપ્યો.

**(૯.૩) ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૭:–**

સંડોવાયેલો કિંમતી દસ્તાવેજ,વસિયતનામું અથવા પૈસા કે મિલકત સંબંધિત અધિકાર આપતા દસ્તાવેજની ખોટી બનાવટ કરવી અથાવા બનાવટી દસ્તાવેજ તૈયાર કરવો.

**(૯.૪) ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૮:–**

સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો, આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ બનાવેલો હતો,બનાવટી દસ્તાવેજ બનાવવા પાછળ આરોપી નો ઠગાઈ કરવાનો ઈરાદો હતો.

**(૯.૫) ભારતીય દંડ સંહિતાની કલમ–૪૭૧:–**

સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો, આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ કર્યો હતો, આરોપી જાણતાં હતા અથવા તેમને એવું માનવાને કારણ હતું કે આ દસ્તાવેજ બનાવટી છે, આરોપીએ આ દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતાં તેનો ઉપયોગ સાચા તરીકે કર્યો, આરોપીએ આવું કૃત્ય કપટ કરવાના ઈરાદાથી અપ્રમાણિકપણે કર્યું.

## (૯.૬) ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી):–

બે કે તેથી વધુ વ્યક્તિઓ ગુનો કરવા માટે આપરાધિક ગુનોમાં સામેલ થાય, તો તેવા ગુનામાં સામેલ વ્યકતિને સજા કરવામાં આવે છે.

**પુરાવાનું મુલ્યાંકનઃ–**

**(૧૦)** હાલના ગુનાના કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોક્ત પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આંક–૭૩ થી તપાસવામાં આવેલ ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, બજાજ કંપનીના અધિકારીએ આપેલ સુચના પ્રમાણે તેઓએ ફરીયાદ આપેલી તથા ફરીયાદ વાળા બનાવની તેઓને કોઇ જાતમાહિતી નથી તેમજ ફરીયાદમાં જણાવેલ બનાવ બાબતે તેઓ જાતે કોઇ તપાસ કરેલ નથી તેમજ બજાજ ફાઈનાન્સ કંપનીમાં જે ગ્રાહકના હપ્તાના નાણા બાકી હતા તે તમામ ગ્રાહકોએ બજાજ ફાઈનાન્સ તેમજ કોટક મહિન્દ્રા બેંકમાં નીકળતી નાણાની રકમ તમામ ભરપાઈ થઈ ગયેલ છે તેમજ હવે આ ગ્રાહકો પાસે કોઈ લેણી રકમ નીકળતી ન હોય તે બાબતનું તમામ ગ્રાહકોના નો ડ્યુ સર્ટીફીકેટ રજુ થયેલ હોવાનું જણાવે છે.

ત્યારબાદ આ ગુનાના કામે ભોગબનનાર સાહેદ ઈઝહાર સમસાદ બેગને આંક–૮૩ તથા સાહેદ રેખાબેન ગંઘાધર પટેલને આંક–૮૪ તથા સાહેદ ગોસીયાબીબી શબ્બીર મન્સુરીને આંક–૮૫ તથા સાહેદ સુનિલભાઈ સુમનભાઈ નાયકાને આંક–૮૬ તથા સાહેદ અનીતાબેન નરેશભાઈ શર્માને આંક–૮૭ તથા સાહેદ વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલને આંક–૮૯ તથા સાહેદ મહેરુનીસા યુસુફભાઈ પેચકરને આંક–૯૦ તથા સાહેદ સબ્બિર કમાલમિયા સૈયદને આંક–૯૧ તથા સાહેદ મોહમ્મદ સાજીદ મોહમ્મદ અયુફ જીવાસેકવાલાને આંક–૯૨ તથા સાહેદ શબ્બીર હુસેન ઈસ્માઈલ રાજપરાને આંક–૯૩ તથા સાહેદ ઈદ્રીસ મોહમ્મદ હનીફ ખોરજીયાને આંક–૯૪ તથા સાહેદ મુજ્જક્કીર મોહમ્મદ સફી લીલામવાલાને આંક–૯૬ થી સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતાં તેઓ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપતો

પુરાવો રજુ કરેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકત જણાવેલ નથી તેમજ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓના નામે કોઈ વ્યક્તિએ બજાજ ફાઈનનાન્સમાંથી લોન લીધેલ નથી તેમજ લોન લેવા માટે તેઓએ કોઈ વ્યક્તિને તેઓના ડોક્યુમેન્ટ આપેલા નથી તેમજ કોઈ વ્યક્તિએ તેઓના દસ્તાવેજો ખોટા તૈયાર કરી તેના ઉપર ખોટી સહીઓ કરી તેનો કરાર તરીકે ઉપયોગ કરેલ નથી પોલીસે ફકત તેઓનું નામ સરનામું પુછેલું તે સિવાય તેઓએ કોઈ હકિકત જણાવેલ નહી અને સદર ગુના માટે તેમને કોઈ જાતમાહિતી ન હોવાની હકીકત જણાવે છે.

ત્યારબાદ આ કામે આંક–૯૭ અને આંક–૧૦૦ થી ત.ક.અમદલદારોને તપાસવામાં આવેલ છે તેઓને સદર ગુનાની તપાસ મળતા તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલ અને ત.ક.અ.એ તેઓને મળેલી ફરિયાદના અનુસંધાને તપાસની કામગીરી કરેલી છે. પરંતુ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં તેઓએ જણાવે છે કે,હાલની ફરીયાદમાં આરોપી નં ૪ તરીકે ક્રિષ્ના મોબાઈલ શોપ ના માલીક નું નામ છે તેમજ આરોપી નં ૪ ક્રિષ્ના મોબાઈલ ના માલીક ને ચાર્જશીટમાં આરોપી તરીકે દર્શાવેલ નથી તેમજ હાલના કામે તેઓએ ચાર્જશીટ કર્યા સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી. તપાસના કામે તેઓએ જે કોઇ ડોક્યુમેન્ટ કબજે કરેલા એ પંચોની રૂબરૂમાં કબજે કરેલા નથી તેમજ તપાસના કામે નોટરીશ્રીનું નિવેદન નોંધેલુ નથી તેમજ એફીડેવીટ અને સંમતીપત્રોમાં જ્યા ચેક ચાક થયેલી છે ત્યાં કોઇ ટુકી સહી કરેલી નથી તેમજ તપાસના કામે કોઇ ડોક્યુમેન્ટ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારોનો પુરાવો ધ્યાને લેતાં આ કામે જે કોઈ દસ્તાવેજો કબ્જે લીધેલ છે તે પંચોની રૂબરૂમાં લીધેલ નથી તેમજ આવા કોઈ દસ્તાવેજો ઉપર આરોપીઓ દ્વારા સાહેદોની ખોટી સહિઓ કર્યાના આક્ષેપો સંબંધે સહિના નમુના મેળવી તેને એફ.એસ.એલ. દ્વારા પરિક્ષણ કરાવેલ નથી.

આમ, આરોપીઓ દ્બારા એક કરતાં વધારે ફાયનાન્સમાંથી લોન લેવા માત્ર કારણસર એવા અનુમાન ઉપર આવી શકાય નહિ કે આરોપીઓનો બજાજ ફાયનાન્સ કંપની તથા કોટક મહિન્દ્રા ફાયનાન્સ કંપનીમાંથી લોન લઈ તે નહિ ભરપાઈ કરવાનો ઈરાદો હતો. આમ, રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ ઉપર થી એ હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે આ કામના આરોપીઓ દ્બારા એકબીજાના મેળાપીપણામાં કોઈ બોગસ દસ્તાવેજ બનાવવામાં આવેલ નથી અને સદર દસ્તાવેજ ખોટો હોવા છતાં તેનો ખરા તરીકે ઉપયોગ કરવામાં આવેલ નથી તેમજ સદર દસ્તાવેજો ના આધારે કોઈ ઠગાઈ કે છેતરપિંડી કરવાનો પણ કોઈ ઈરાદો જણાઈ આવતો નથી તેમજ આવા બનાવટી દસ્તાવેજોના આધાર લઈ આ કામના આરોપીઓએ કોઈ આર્થિક ગેરલાભ મેળવેલ હોય તેવું પણ પુરવાર થતું નથી તેમજ આરોપીઓ દ્બારા જ ગુનાહિત કાવતરૂ રચી તેના ભાગ રૂપે ભોગબનનાર સાહેદોના વિવિધ દસ્તાવેજી આધારો મેળવી જેમાં સાહેદોની ખોટી સહિઓ કરી આ બંને કંપનીઓમાંથી મોબાઈલ ખરીદવા અંગેનું ફાયનાન્સ મેળવીને કોઈ ગુનાહિત છેતરપીંડી કે વિશ્વાસઘાત કરેલ હોય કે કોઈ કુટ લેખન કરેલ છે તેવું ફરિયાદપક્ષના પુરાવાઓ દ્બારા નિ:શંકપણે પુરવાર થતું નથી.

**(૧૧)** આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ જ્યારે ફરીયાદી તથા અન્ય તમામ સાહેદો તેમજ ત.ક.અલદારોની જુબાનીઓના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો સબળ પુરાવો રજુ થયેલ નથી. આમ, તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો પુરાવો સાતત્યભર્યો અને વિશ્વાસજન્ય જણાતો નથી. સાથે સાથે ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવાનો હોય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલત અસંખ્ય ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે કે, ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવો જોઇએ. શંકા એ શંકા છે તે પુરાવાનુ સ્થાન લઈ શકે નહી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ-૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦(બી) મુજબ મૂકવામાં આવેલ આક્ષેપો ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય,તેવાં

સંજોગોમાં **મુદ્દા નંબર : ૦૧ નો જવાબ નકારમાં** આપી **મુદ્દા નંબર :૦૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

**૧.** આ કામના આરોપીઓ **(૧) ઝૈદ મોહમંદ નુર મોહમદ શેખ,**રહે. મોગરાવાડી મોટા તળાવ ૨૪/૨૭ રેલ્વે યાર્ડઠની સામે, તા.જી.વલસાડ,**(૨) રોનકભાઈ નિલેશભાઈ મિસ્ત્રી,**રહે. ૬૧ બુધર ભગવાનની ચાલ કોન્વેટ સ્કુલની બાજુમાં ધરમપુર રોડ,તા.જિ.વલસાડ,**(૩) દિવ્યેશભાઈ અરવિંદભાઈ સોનારા,**રહે. અબ્રામા તુલસીવન ફળિયા પોલીસ હેડ કવાટરની બાજુમાં,તા.જિ.વલસાડ,**(૪) આકાશભાઈ ભાલચન્દ્રબાઈ પારેખ,**રહે. છીપવાડ જકાતનાકા પવનપુત્ર બિલ્ડીંગ,તા.જિ.વલસાડ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧)અન્વયે **ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ- ૪૦૬,૪૨૦,૪૬૫, ૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦(બી) મુજબ**ના ગુન્હામાંથી **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે આરોપીઓએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૪૩૭(અ) ની જોગવાઈઓ નું પાલન કરવા માટે અપીલ સમય સુધીના પ્રત્યેક આરોપીઓએ રૂ. ૧૦,૦૦૦/- ના સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૩૦ મી માહે જુલાઈ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ:-૩૦/૦૭/૨૦૨૬
સ્થળ - વલસાડ.
(બી.એચ.કહાર ગુજ.સ્ટેનો.)

**(જયેશ અરૂણભાઈ દવે)**
ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ,વલસાડ.
[કોડ નં. જી.જે.-૦૦૭૧૨]